ગાંધીનગર સમાચાર

સે-૨૧ સ્થિત એમ.એલ.એ. ક્વાટર્સની કેન્ટીનમાંથી રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી


# સિવિલ હોસ્પિટલમાં દર્દીની મોતની છલાંગ

## ચા પીવા જવાનું કહીને નિકળેલા દર્દીનો સાતમા માળેથી આપઘાત : હોસ્પિટલમાં આપઘાતનો બીજો બનાવ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી વધુ એક દર્દીએ આપઘાત કરી લીધો હોવાની ઘટના આજે વહેલી સવારે બનવા પામી હતી. અગાઉ પણ હોસ્પિટલમાં દાખલ એક દર્દીએ હોસ્પિટલમાંથી મોતની છલાંગ લગાવી હતી. ચારેક દિવસથી હોસ્પિટલમાં દાખલ ચામડીનાં રોગથી પિડાતા ૫૦ વર્ષિય સરગાસણનાં એક દર્દીએ વહેલી સવારે હોસ્પિટલ સ્ટાફને ચા પીવા જતો હોવાનું કહીને બહાર નિકળી સાતમાં માળેથી પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. સવારે મહિલા સફાઈ કામદાર સાફસફાઈ કરી રહી હતી ત્યારે નીચે પડેલા દર્દી પર ધ્યાન પડતા તંત્રને જાણ થઈ હતી. બિમાર સિવિલ હોસ્પિટલ તંત્રની વધુ એક લાપરવાહી આ ઘટના બાદ બહાર આવી છે છતા સત્તાવાળાનાં પેટનું પાણી હલ્યુ નથી.

ગાંધીનગરને અડીને આવેલા સરગાસણ ખાતે સ્કુલ ઓફ એચિવર પાસે સ્થિત છાપરામાં રહેતા ૫૦ વર્ષિય ધનજીભાઈ જેસંગભાઈ પરમારને ચામડીનો કોઈ રોગ થયો હતો અને ચારેક દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સાતમાં માળે સારવાર હેઠળ દાખલ હતા. આજે સવારે સાડા છ વાગ્યાનાં અરસામાં ધનજીભાઈએ હોસ્પિટલ સ્ટાફને કહ્યુ કે તેને ચા પીવા નીચે જવુ છે પરંતુ બહાર જવાની દર્દીને મંજુરી ન હોવાનો જવાબ મળતા તેણે એક કાગળ માંગીને પોતાની જવાબદારીએ બહાર નિકળતો હોવાનું લખાણ લખીને પોતાનો અંગુઠો મારી આપ્યો હતો. ત્યાર





બાદ વોર્ડની બહાર નિકળીને કોઈ કારણોસર સાતમાં માળની બારી પાસે ગયો અને બારીમાંથી નીચે છલાંગ લગાવી દઈ આપઘાત કરી લીધો હતો. નીચેનાં માળની બારીને અથડાતા ત્યાનાં કાચ પણ ફુટી ગયા હતા. દર્દી સાથે બીજુ કોઈ સગા-વ્હાલા હાજર ન હતા. સંકુલમાં સાફસફાઈ કરી રહેલા મહિલા કામદારનું ધ્યાન પડતા તેણે તંત્રને જાણ કરી તાત્કાલીક સારવાર વિભાગમાં લઈ જવાયા હતા જો કે તે મૃત હાલતમાં હોવાનું તબીબે જણાવ્યુ હતુ. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. નોંધનીય બાબત છે કે સિવિલ હોસ્પિટલમાં અગાઉ પણ આવી રીતે દર્દીના આપઘાતનો બનાવ બન્યો હતો. સિક્યુરિટી ગાર્ડથી સજ્જ હોસ્પિટલની સિક્યુરીટી ક્યા ડ્યુટી બજાવે છે તેનુ ધ્યાન રાખવા માટે બીજી સિક્યુરીટી મુકવી પડે તેમ છે. તો બીજી તરફ હોસ્પિટલમાં પણ સુપ્રિટેન્ડન્ટ થોડુ ધ્યાન આપે તો કદાચ વહિવટ સુધરે તેમ છે તેવી ચર્ચા ચાલી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર રેશનલ સમાજની બેઠક સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.

● શ્રી ગાંધીનગર વણકર સમાજની વાર્ષિક સભા બપોરે ૩.૦૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે. જયારે સમાજનો સ્નેહમિલન સમારોહ સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે જ યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય સભા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સવારે ૧૦.૦૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે રાજયના સુવિખ્યાત ગઝલકાર 'મરીઝ'ની શતાબ્દી વંદના કાર્યક્રમ યોજાશે.

## આજે મહાલક્ષ્મી કો.ઓપ. ક્રેડિટ સોસાયટીનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર જિલ્લાની શ્રી મહાલક્ષ્મી કો-ઓપરેટીવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગરના સભાસદ મિત્રોનો નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહ ડૉ. આંબેડકર હોલ, સે-૧૨-ગાંધીનગર ખાતે આજે શનિવાર તા. ૧૨-૧૧-૨૦૧૬ના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન યોજવામાં આવેલ છે. ક્રેડિટ સોસાયટીમાં નવા સભ્ય થવા માટે ફોર્મનું વિતરણ ચાલુ છે. સંસ્થાના પ્રમુખશ્રી અમૃતલાલ એમ. શ્રીમાળી મો. ૯૯૨૪૬ ૩૫૯૦૯ અને મંત્રી શ્રી રમેશચંદ્ર કે. શ્રીમાળી મો. ૯૪૨૮૮૧૪૨૪૬ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## દેના ગુજરાત ગ્રામીણ બેંકની મુખ્યમંત્રીને શુભેચ્છા



દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન બલબીરસિંઘ લુથરા, જનરલ મેનેજર રાકેશ યલાવરીયા તથા બેંકની ગાંધીનગર શાખાના સિનીયર મેનેજર કે.એ. પટેલે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની નૂતન વર્ષ નિમિત્તે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ચેરમેન બલબીરસિંઘ લુથરાએ બેંકની વિવિધ યોજનાઓ તથા ગ્રામ્ય ઉત્થાનમાં બેંકના પ્રદાન અંગે ખેડૂતલક્ષી યોજનાઓ અને સ્વસહાય જુથો અંગે મુખ્યમંત્રીને વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓમાં ગ્રામીણ બેંકોના સિંહફાળાથી મુખ્યમંત્રીને અવગત કર્યા હતા. તમામ અધિકારીઓએ મુખ્યમંત્રીને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઠંડીમાં નજીવો ઘટાડો

ગઈ કાલે ૧૨.૫ ડિ.સે. સુધી પહોંચેલુ લઘુત્તમ તાપમાન આજે એક ડિગ્રી જેટલું વધીને ૧૩.૫ ડિ.સે. પહોંચતા ઠંડીમાં થોડીક રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી જામી રહી છે. સાંજ પડતાં જ વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. સુધી પહોંચી જતા શહેરીજનોએ સારી એવી ઠંડક અનુભવી હતી. જો કે આજે તેમાં એક ડિગ્રી જેટલો વધારો થતાં ઠંડીમાં રાહત મળી હતી.

## સે-૨૧ સ્થિત એમ.એલ.એ ક્વાટર્સની કેન્ટીનમાંથી રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી

**એન.આર.આઈ યુવાન જમવા ગયો હતો: બેગમાં ૩૪ હજાર કેશ અને પાસપોર્ટ પણ હતો**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં સે-૨૧ ખાતે સ્થિત નવા એમ.એલ.એ ક્વાર્ટર્સની કેન્ટીનમાં ગઇ કાલે બપોરે જમવા માટે ગયેલા એક એન.આર.આઇ યુવાનની રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી થઇ જવા પામી હતી. બેગમાં તે યુવાનનો પાસપોર્ટ પણ હતો. બેગની ચોરી અંગે યુવાન સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ગયો હતો. જો કે આ મામલા સંદર્ભે ગુનો દાખલ કરવા એફીડેવીટનાં કામોમાં લગાડી દેવાતા હજુ તેની ફરિયાદ દાખલ થવા પામી નથી.

કેનેડા ખાતે રહેતો એન.આર.આઇ યુવાન નિલ નૈલેષભાઇ વોરા ગુજરાત આવ્યો હતો અને અમદાવાદ જજીસ બંગ્લોઝ વિસ્તારમાં રોકાયો છે. ગઇ કાલે નિલ તેના મિત્રને ત્યા ગાંધીનગર નજીક સરગાસણ ખાતે આવ્યો હતો. બપોરે નિલ સે-૨૧ ખાતે નવા એમ.એલ.એ ક્વાર્ટર્સની કેન્ટીનમાં જમવા ગયો હતો. તેની પાસે એક બેગ હતી. આ બેગની કોઇ શખ્સ ઉઠાંતરી કરી રફુચક્કર થઇ જતા નિલ ચિંતામાં મુકાઇ ગયો છે. તેની બેગમાં રૂ. ૩૪ હજાર રોકડા હતા. તેમાં બારેક હજાર રૂપિયા એક્ષચેંજ કરેલી નવી ચલણી નોટોનાં હતા. તે ઉપરાંત તેના ચિંતાનું મુખ્ય કારણ તે બેગમાં પડેલો તેનો પાસપોર્ટ છે. નજીકનાં દિવસોમાં તેને કેનેડા પરત જવાનું છે. અને બેગ ચોરી થઇ જતા તેના રૂપિયા અને પાસપોર્ટ ચોર પાસે જતા રહ્યા છે. આ મામલે પોલીસ ફરિયાદ કરવા ગયેલા નિલને એફિડેવીટ કરવા મોકલવામાં આવ્યો હતો. આજે મોડી સાંજ સુધી આ મામલે ગુનો દાખલ થવા પામ્યો ન હોવાનું જાણવા મળ્યુ છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદનું સ્નેહમિલન સોમવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનો સ્નેહમિલન કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૧૪મી નવેમ્બર ૨૦૧૬ના રોજ સોમવારે બપોરના ૪.૩૦ કલાકે સે-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે તો સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તથા આમંત્રિતોને ઉપસ્થિત રહેવા મહામંત્રીશ્રી નિરંજન ઓઝાએ હાર્દિક અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● આ વખતે બીજા શનિવારે અને રવિવારે આરબીઆઈ દ્વારા બેંકોની રજા રદ કરી તમામ બેકિંગ કાર્યવાહી યથાવત ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જો કે આ શનિવારે બેંકોની લોક અદાલતનો પણ દિવસ હોવાથી તથા હાલ કર્મચારીઓની ઘટ હોવાના કારણે બંને બાજુએ કાર્યભાર સંભાળવાની વ્યવસ્થા કરવી એ બેંક સંચાલકો માટે માથાના દુઃખાવા સમાન સાબિત થશે તેવું લાગી રહ્યું છે.

● ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મુખ્ય સર્કલોએ લગાડવામાં આવેલ પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમ પર નગરજનોને તેમના બાકી વેરા જુની ૫૦૦/૧૦૦૦ની નોટ થકી ભરી શકાશે તેવી સતત જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતના પગલે શહેરના ઘણા વેરા બાકીદારોએ જુની નોટો બદલવાની ઝંઝટમાં પડવાને બદલે વેરો ભરી દેવાનું મુનાસિબ માન્યું હતું.

● ચિલોડા ખાતે એક બ્યુટિપાર્લરમાં ઘુસી જઈને એક ઈસમે દરવાજો બંધ કરી મહિલા સંચાલિકાને બાથમાં ભરવાનો પ્રયત્ન કરતા હોબાળો મચી ગયો હતો. બ્યુટિપાર્લરની મહિલા સંચાલિકાએ આ ઈસમ વિરુધ્ધ ચિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

● મોદી સરકાર દ્વારા ૫૦૦/૧૦૦૦ની નોટો રદ થવાને પગલે જ્ઞાતિઓના વગદાર માલેતુજારો જે પોતાના ગરીબ સગા સંબંધીઓને ગણકારતા નહોતા તેઓ હવે સામેથી ફોન કરીને હાલચાલ પુછી રહ્યા છે. હાલચાલ પુછવા સાથે તેઓ તેમના બેંક ખાતામાં જુની ચલણી નોટો ભરી ચેકથી નાણાં પરત કરી આપવા આજીજી પણ કરી રહ્યા છે.

## સિવીલ હોસ્પિટલ ખાતે તા.૧૪ નવેમ્બરના રોજ દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોલનો પ્રારંભ

**જિલ્લામાં અડાલજ અને માણસા ખાતે પણ દિનદયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનનો પ્રારંભ થશે**

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં દર્દીઓને સારી ગુણવત્તાની દવાઓ વ્યાજબી ભાવે ઉપલબ્ધ થાય તે માટેનું દીનદયાળ પ્રધાન મંત્રી જન ઔષધિ સ્ટોરનો તા. ૧૪મી નવેમ્બરથી રાજયવ્યાપી પ્રારંભ થનાર છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સીવિલ હોસ્પિટલ ખાતે તા. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે દીન દયાળ પ્રધાનમંત્રી જન ઔષિધ સ્ટોરનો પ્રારંભ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ડાૅ. નિર્મલાબેન વાધવાણીના હસ્તે થનાર છે. આ પ્રસંગે ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લામાં અડાલજના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દીન દયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનનો પ્રારંભ સવારના ૧૦.૦૦ કલાકે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે થનાર છે. માણસા સીવીલ હોસ્પિટલ ખાતે દીન દયાળ વ્યાજબી ભાવની દવાની દુકાનનો પ્રારંભ સંસદીય સચિવ શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલના હસ્તે કરાશે. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી અને માણસા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી નીતાબેન પટેલ ઉપસ્થિત રહેશે.

આ સ્ટોર પરથી કોઈ પણ આમ નાગરિક અને દર્દીઓને રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ અતિ આવશ્યક ૫૦૦ જેટલી દવાઓ ઉપરાંતની અન્ય એક હજાર જેટલી જેનેરીક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દવાઓની સાથે સાથે ઓર્થોપેડિક સંબંધિત ઈમ્પ્લાન્ટ પણ સસ્તા ભાવે મળશે. આ સેવાઓ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા જિલ્લાની હોસ્પિટલોમાં ૨૪ કલાક સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

## 'વેકેશન વિજ્ઞાન સંગ' થકી બાળકો વિવિધ મોડેલ બનાવતા શીખશે

ગાંધીનગર, તા.૧૧

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મો વગેરેમાં ના વેડફે તે હેતુથી વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'વેકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમ અંતર્ગત તા. ૧૩-૧૧-૧૬થી ૧૫-૧૧-૧૬ દરમિયાન સવારે ૯ થી ૧૧.૩૦ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ખાતે સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાયન્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓને પ્રિય એવા મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપ, ફન વિથ કેમેસ્ટ્રી જેવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

મોડેલ રોકેટરી વર્કશોપમાં વિદ્યાર્થીઓ ચાર્ટ પેપર અને કાર્ડ પેપરમાંથી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવશે તેમજ રોકટના વિવિધ પાર્ટસ અને તેની આંતરિક રચના વિશે સમજાવવામાં આવશે.

એરોમોડેલીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ ભારતીય હવાઈ દળના વિવિધ પાઈલટ પ્લેન જેવા કે વસંત, ગ્રીષ્મા, મીગ, જગુઆર, સ્વી હેરીયરના મોડેલ પેપરમાંથી બનાવશે તેમજ પ્લેનની રચના અને કાર્યપધ્ધતિ વિશે પણ સમજ મેળવશે.

મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ દિવાસળી અને સાયકલની વાલ ટયુબમાંથી વિવિધ ટુ ડાઈમેન્શન અને થ્રી ડાઈમેન્શન મોડેલ બનાવશે. વર્કશોપ અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩માં ઘ ટાઈપ આવાસોના બ્લોક નં. ૬૧/૧ ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે 'વિશ્વ વિજ્ઞાન દિવસ' ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

વિશ્વભરમાં યુનેસ્કો દ્વારા તા. ૧૦મી નવેમ્બરે 'વર્લ્ડ સાયન્સ ડે' ઉજવવામાં આવે છે.ગાંધીનગરમાં સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનલોજીના સંયુકત ઉપક્રમે વર્લ્ડ સાયન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

દર વર્ષે અલગ અલગ થીમ આધારિત ઉજવાતા વર્લ્ડ સાયન્સ ડેની ઉજવણી આ વર્ષે 'ડિસ્કવર યોર વર્લ્ડ : સેલિબ્રેટીંગ સાયન્સ સેન્ટર્સ એન્ડ સાયન્સ મ્યુઝિયમ્સ' આધારિત કરાઈ રહી છે. આ થીમ આધારિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી શિહોલી ગામની પ્રાથમિક શાળાના ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓને માટે 'સાયન્સ સ્ટેન્ડસ એટ ઘ હાર્ટ ઓફ ઘ ૨૦૩૦ એજન્ડા ફોર સસ્ટેનેબલ ડિપાર્ટમેન્ટ' વિષય પર વકતવ્ય તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને વિજ્ઞાનના વિકાસમાં વિપાન કેન્દ્રો તથા વિજ્ઞાન સંગ્રહાલયોની ભૂમિકા અંગે માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓ શાળા ઉપરાંત પણ વિજ્ઞાન કેન્દ્રમાં જઈને કેવી કેવી પ્રવૃત્તિ કરી શકે તેની વિગતવાર સમજ પણ આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે વિવિધ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સાયન્સ સેન્ટરના મ્યુઝિયમ, લાયબ્રેરી અને લેબોરેટરીની મુલાકાત લીધી હતી. કાર્યક્રમને શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.





## રવિવારે એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા 'શામ-એ-કવ્વાલી' યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગર વિસ્તારની સંસ્થા એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૩મી નવેમ્બર રવિવારે સે-૧૭ના ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે હિન્દી ફિલ્મો સહિતના મશહૂર ગીતોની મહેફિલ 'શામ-એ-કવ્વાલી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકારો અજય પટેલ, અક્ષય તમાચે, માધુરી ગોસ્વામી અને મયૂરી સોની પરફોર્મન્સ આપશે. કાર્યક્રમમાં મૌલીન શાહની આગેવાની હેઠળ 'ઘ બેટલ્સ બેન્ડ' સંગીત પુરું પાડશે તથા કાર્યક્રમનું સંચાલન પ્રિયા જાની કરશે.

## ચિરવિદાય

- સ્વ. મનુજી કુનાજી રાણા, ઉ.વ. ૬૮
- સ્વ. સીમાદેવી વિદ્યાસાગર પ્રસાદ, ઉ.વ. ૨૨
- સ્વ. ઠાકોર બાલુબેન રણછોડજી, ઉ.વ. ૭૫
- સ્વ. હિરાજી છોગાજી મારવાડી, ઉ.વ. ૪૫